# જય અંબે પરિવાર પગપાળા યાત્રાસંઘ ૯મીએ પ્રસ્થાન કરશે

ગાંધીનગર, તા. ૭

સમગ્ર ગુજરાત તેમજ દેશ વિદેશમાંથી મા અંબાના ધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમના મેળામાં જવાનું મહાત્મ્ય અનેરૂ છે. મા સર્વે ભક્તોની ઉપર પોતાના અમી દૃષ્ટી રાખી પદયાત્રામાં આવનાર સૌ કોઈ ભક્તોને અંબાજીના પથ ઉપર પહોંચાડી સર્વેની મનોકામના પૂર્ણ કરતી હોય છે. ગાંધીનગરમાંથી પણ જય અંબે પરિવાર દ્વારા છેલ્લા ૨૪ વર્ષોથી અવિરત પણે મા અંબાના ધામ અંબાજી ખાતે પદયાત્રાનું આયોજન થાય છે. તેમાં આ વર્ષે મોરના પીછામાં એક છોગુ ઉમેરાય તેમ ૨૫ વર્ષ (રજત જયંતિ) વર્ષ નિમિત્તે પણ ગાંધીનગરથી અંબાજી સુધી પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

જય અંબે પરિવાર-ગાંધીનગર દ્વારા છેલ્લા ૨૪ વર્ષથી સંસ્કારી નગરી ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાના હિતાર્થે, ધાર્મિક સામાજિક, સાંસ્કૃતિક અને રચનાત્મક ક્ષેત્રે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરતો આવ્યો છે. જેના ભાગરૂપે પ્રતિ વર્ષે ભાદરવી પૂનમ ઉપર ગાંધીનગરથી અંબાજીની પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. પદયાત્રા ૯ સપ્ટેમ્બરે ગાંધીનગરથી પ્રસ્થાન કરશે. જેમાં ૯મી તારીખે સવારે ૭.૩૦ કલાકે રથમાં બિરાજમાનમાં જગદંબાનું પૂજન કરવામાં આવશે. સવારે ૮.૩૦ વાગ્યે ધજાનું પૂજન, સવારે ૮.૪૫ વાગ્યે સાંસ્કૃતિક કાર્યક્રમ, સવારે ૯.૩૦ કલાકે માતાજીને થાળ ધરાવાશે. ૯.૪૫ વાગ્યે મહાઆરતીનું આયોજન, સવારે ૧૦ કલાકે દર્શન તેમજ પ્રસાદ, ૧૦.૧૫ કલાકે, મા ના સ્થાનકે ગરબા, તેમજ સવારે ૧૦.૩૦ કલાકે જય અંબે પરિવાર અરવલ્લીની ગીરીમાળાઓમાં બિરાજમાન મા અંબાના સ્થાનકે જવા માટે પ્રસ્થાન કરશે. પદયાત્રીકોને શુભેચ્છા વિદાય આપવા માટે સેકટર-૧૩-બીના શક્તિચોક ખાતે પરિવાર સહિત પધારવા માટે સંસ્થાના પ્રમુખ લલિતભાઈ પટેલ દ્વારા જણાવાયું છે.



વરસાદે વિરામ લેતા જ વન વિભાગ તરફથી ચોમાસા દરમિયાન ઝૂંકી ગયેલા, સુકાઈ ગયેલા વૃક્ષોને ઉતારી લેવાની કામગીરી ઝડપથી હાથ ધરી છે તે પ્રસંગની તસવીર. (તસવીર : કશ્યપ નિમાવત)

# પંચદેવ મંદિર ખાતે સમુહમાં સામા પાંચમનું ઉજવણું થશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના પ્રસિદ્ધ પંચદેવ મંદિર ખાતે આગામી ૧૦ સપ્ટેમ્બરના રોજ ઋષી પંચમીની ઉજવણી ધામધુમપૂર્વક કરવાની હોવાથી ઉજવણીમાં ભાગ લેવા માટે પંચદેવ મંદિરો સંપર્ક કરવા માટે જણાવાયું છે.

મંદિરમાં ગત અમાસે હવનાત્મક લઘુરૂદ્ર અંતર્ગત પાર્થિવ નગરેશ્વર મહાદેવની પ્રતિષ્ઠા કરી હતી. તેનું નીલકંઠ શાસ્ત્રીના નૂતન વિચાર સાથે નગરની આ નૂતન ઈવેન્ટનું ભારત સહિત આઠ દેશોમાં લાઈવ ટેલીકાસ્ટ થયું હતું. તે ખુબજ પ્રશન્નીય બાબત છે. લિંગના વિસર્જન નર્મદા પાઠ બોલતા બોલતા થશે. ભાવનાત્મક બાબત છે કે નર્મદામાંથી પ્રાપ્ત થતા શિવલિંગની પૂજા ભક્તો દ્વારા કરવામાં આવતી હોય છે તેવા ઉમદા આશયથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## સેકટર-૭/બીમાં યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગણેશ મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૭

યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ સેકટર-૭બી તરફથી તા. ૯મી સપ્ટેમ્બરે ગણેશ સ્થાપના કરાશે. આનંદનો ગરબો ભજન સંધ્યા સેકટર-૭ ભજન મંડળ દ્વારા ખીચડી વિતરણ, સત્યનારાયણની કથા વિવિધ કાર્યક્રમો તા. ૯મી સપ્ટેમ્બરની ૧૩મી સપ્ટેમ્બર સુધી યોજાશે. ઉપપ્રમુખ ડૉ. હાર્દિકભાઈએ જણાવેલ હતું.

# આજે પેથાપુર રામદેવપીર મંદિર ખાતે મૂર્તિ પ્રતિષ્ઠા યોજાશે

ગાંધીનગર, તા.૭

પેથાપુર ગામે આવેલ તરપોજ પુનિતધામ રામદેવપીર મંદિરના પટાંગણમાં રામદેવપીર મૂર્તિ પ્રતિષ્ઠાનું આયોજન તા. ૮ સપ્ટેમ્બરને રવિવારના રોજ કરવામાં આવ્યું છે.

પેથાપુર ગામે રામદેવપીર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે ૮ સપ્ટેમ્બર રવિવારના રોજ સવારે ૮ કલાકે શોભા યાત્રા, બપોરે ૧૨.૧૫ કલાકે મૂર્તિ પ્રતિષ્ઠા, બપોરે ૧૨.૩૦ કલાકે નેજા ચડાવો તેમજ રાત્રે ૯ કલાકે ૧૫૧ દિવડાની મહાઆરતી થશે. ત્યારબાદ રાત્રે ૯.૩૦ કલાકે પેથાપુર ગામના લોકગાયક રતનસિંહ વાઘેલા અને રમેશભાઈ પ્રજાપતિ ગરબાની જમાવટ કરશે. આ પ્રસંગે ગુજરાતી ફિલ્મના અભિનેતા રાકેશ પાંડે, પ્રકાશ રાઠોડ, હરિશ રાવત સહિત સરલા દવે હાજર રહેશે. આ ધાર્મિક પ્રસંગે રામદેવપીરના દર્શનનો લાભ લેવા નગરજનોને હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

## સંસ્કાર ગ્રુપ દ્વારા ઋષિ પંચમી ઉજવાશે

ગાંધીનગર, તા.૭

સંસ્કાર ગ્રુપ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તારીખ ૮ સપ્ટેમ્બરના રવિવારના રોજ સેકટર-૭ સુવિધા કેન્દ્ર સામે આવેલ બગીચા ખાતે સાંજે ૫ થી ૭ દરમિયાન રમત ગમત, ગુરુ શિષ્યનો મહિમા-ઋષિ પંચમીના તપનું મહાત્મ્ય તેમજ તેનો મહિમા સમજાવવામાં આવશે તો ગ્રુપના સભ્યોએ અચુક હાજર રહેવું તેમ સંસ્થાના પ્રમુખ તુષાર દવે દ્વારા જણાવાયું છે.

# મોડી રાત્રે કોલવડા ગામની યુવતીનું કારમાં અપહરણ

### એક તરફી પ્રેમમાં અંધ યુવાને મિત્રો સાથે મળીને ગુનાને અંજામ આપ્યો : ભાઈને મારી નાંખવાની ધમકી આપીને યુવતીને રાત્રે ઘરેથી બહાર બોલાવી ગાડીમાં ઉપાડી ગયાની ફરીયાદ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર નજીકના કોલવડા ગામના યુવાને એક તરફી પ્રેમમાં ગામની જ યુવતીને ગઈ મોડી રાત્રે ફોન કરીને કહ્યુ કે બહાર મળવા આવ નહીતર તારા ભાઈનું ખુન કરી નાંખીશ. જેથી ગભરાઈ ગયેલી યુવતી બહાર ગઈ તેટલામાં ત્રણ મિત્રોને લઈને ફોર્ડ ફીગો ગાડી સાથે ઉભેલો શખ્સ યુવતીને ઉપાડી જઈ અપહરણ કરી ગયો હતો. હેમખેમ ઘરે આવેલી યુવતીએ ચાર શખ્સો સામે પેથાપુર પોલીસમથકમાં અપહરણની ફરીયાદ આપતા આરોપીઓને પકડી પાડવા દોડધામ શરૂ થઈ છે.

પેથાપુર પોલીસમથકના સિનિ. પી.એસ.આઈ. એસ.જે. વાઘેલાના જણાવ્યાનુસાર કોલવડા ગામની ૧૯ વર્ષની યુવતીનું ગઈ રાત્રે સાડા બાર વાગ્યે કોલવડા ગામના જ ચાર શખ્સોએ મળીને અપહરણ કરીને ત્રણ કલાક ગોંધી રાખી હતી. યુવતીએ નોંધાવેલી ફરીયાદ પ્રમાણે કોલવડાનો કુલદિપ કરણસિંહ વાઘેલા છેલ્લા આઠેક મહિનાથી તેણીને અવારનવાર ફોન કરીને પ્રેમનો સ્વિકાર કરવા ધમકીઓ આપે છે. દરમ્યાન ગઈ રાત્રે ફોન કરીને ધમકી આપી હતી કે બહાર મળવા આવ નહીંતર તારા ભાઈનું ખુન કરી નાખીશ. યુવતી ભયભીત થઈને મળવા ગઈ તો ફોર્ડ ફીગો ગાડી નં. જીજે-૧૮-બી.બી.૭૮૦૦ લઈને કુલદીપ ઉપરાંત અન્ય ત્રણ શખ્સો વનરાજ વિક્રમસિંહ વાઘેલા, વિશ્વરાજ ભરતસિંહ વાઘેલા અને જયપાલ અરવિંદસિંહ વાઘેલા ઉભા હતા. યુવતીને ઉપાડીને ચારેય જણા ગાડીમાં તેણીનું અપહરણ કરી ગયા હતા. ત્રણ કલાક ગોંધી રાખ્યા બાદ હેમખેમ યુતી પરત ઘરે પહોંચી હતી. વહેલી સવારે પેથાપુર પોલીસ મથકમાં ચારેય સામે ફરીયાદ આપતા પેથાપુર પોલીસે તેમને પકડી પાડવા તજવીજ શરૂ કરી છે.

# સેકટર-૨૨ના રંગમંચ ખાતે સાર્વજનિક ગણેશોત્સવ ઉજવાશે

ગાંધીનગરમાં ૪૩ વર્ષથી શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષનો ઉત્સવ તા. ૯ મી સપ્ટેમ્બરથી તા. ૧૫ સપ્ટેમ્બર સુધી સેકટર-૨૨ના રંગમંચ ઉપર ધામધૂમથી ઉજવવાનું આયોજન કરવામાં આવેલ છે. ઉપરોક્ત માહિતી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિના પ્રમુખ નિશિતભાઈ વ્યાસે આપી હતી.

દર્શનનો સમય સવારે ૮.૦૦ થી રાત્રિના ૮.૦૦ વાગ્યા સુધી રહેશે.

તા. ૮મી સપ્ટેમ્બરના રાત્રે મીનાબેન વિજયભાઈ પવારના નિવાસ સ્થાને ભજનનો કાર્યક્રમ યોજાશે.

તા .૮ સપ્ટેમ્બરે સવારે નવ કલાકે સમિતિની તેમજ એસ.આર.પી. ગૃપ-૧૨ ગાંધીનગરની શ્રી ગણેશજીની મૂર્તિઓની પૂજા અર્ચના કરવામાં આવશે. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ હીનાબેન પટેલ, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, એસ.આર.પી.ગૃપના સેનાપતિ એચ.આર. ચૌધરીના વરદ હસ્તે થશે.

ગણેશ ચતુર્થીના દિવસે રાત્રે ૪૪માં શ્રી સાર્વજનિક ગણેશોત્સવ પર્વનું ઉદ્‌ઘાટન મંગળદીપ પ્રગટાવી મહામહીમ રાજ્યપાલ ડૉ. શ્રીમતી કલમાજીના હસ્તે રાત્રે આઠ વાગે થશે. આ સમયે ભાવના બેન પટેલ તરફથી આનંદનો ગરબો પણ થશે.

તા. ૧૦ના રોજ કડી સર્વવિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શાળાના બાળકો દ્વારા માતૃવંદના થીમ આધારીત નૃત્યનો કાર્યક્રમ રાત્રે યોજાશે.

તા. ૧૧મીના રોજ રાત્રે કલ્હારગૃપ દ્વારા શ્રીમતી રીટાબેન દવેનો લોકસંગીતનો સાંસ્કૃતિ કાર્યક્રમ માહિતી વિભાગના સૌજન્યથી યોજાશે.

તા. ૧૨ના રોજ જ્યોતિ મહિલા મંડળ ઉપક્રમે બહેનો માટે હળદીકુંકુ ભજન સ્પર્ધા, ધાન્ય રંગોલી સ્પર્ધા યોજાશે. નવા જૂના હિન્દીફિલ્મી ગીતો રાત્રે યોજાશે.

તા. ૧૩મી સપ્ટેમ્બરના રાત્રે નહેરુ યુવા કેન્દ્રના ઉપક્રમે હિન્દી ફિલ્મી સંગીત સ્પર્ધા, ઑરકેસ્ટ્રા કૈલાસ બુધારી મારફતે યોજાશે.

તા. ૧૪મી સપ્ટેમ્બર સંગીત નાટય અકાદમી ગાંધીનગર દ્વારા કોમેડી નાટક રાત્રે યોજાશે. તા. ૧૫ સપ્ટેમ્બરના રોજ ગણેશ ભગવાનની પુજા અર્ચના બાદ બપોરે ૩ કલાકે વિસર્જન વિધિપૂર્વક થશે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# સેકટર-૨/સી યુવક મંડળ દ્વારા ગણેશ મહોત્સવની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૭

શહેરના સેકટર-૨-સી ખાતે યુવક મંડળ સંચાલિત શ્રી ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા આ વર્ષે પણ ગણેશ મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે.

શહેરના સેકટર-૨-સી ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા ગણેશ મહોત્સવમાં તા. ૯ થી ૧૬ સપ્ટેમ્બર સુધી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સાંસ્કૃતિ કાર્યક્રમ દરરોજ રાત્રે ૯ વાગે યોજાશે. જેમાં તા. ૯મીના રોજ ભવ્ય શોભાયાત્રા, બપોરે આનંદનો ગરબો ભાવનાબેન ગોપલાણી ગ્રુપ દ્વારા તા. ૧૦મીએ સુંદરકાંડ શ્રી રામચરિત માનસ પાઠક ગણ, તા. ૧૧ ભગવાન ગણેશ ઉપર પ્રવચન, વકતા ડૉ. કલ્યાણસિંહ ચંપાવત, હાઉસી ગેમ, ફનગેમ, તા. ૧૨મી ડાયરો કનૈયાલાલ પંડ્યા ગ્રુપ, તા. ૧૩ હાસ્ય દરબાર યોજાશે. જેમાં વસંત પરેશ હાસ્યની હેલી કરાવશે. તા. ૧૪ના જૂનિયર બીગ બી અને જુનીયર ગોવિંદા નાઈટ સાથે સહકલાકાર જૂનિ. ઋત્વિક રોશન, જૂનિ. નાના પાટેકર, જુનિ. સૈફઅલીખાન, જૂનિ. શક્તિકપુર, તા. ૧૫ના રોજ પ્રફુલભાઈ ગોહેલના ૭ સ્ટાર ગ્રુપ દ્વારા ગરબાની રમઝટ બોલાવશે. તેમજ તા. ૧૬મીએ સવારે ગણેશજીની મૂર્તિનું વિસર્જન કરવામાં આવશે. નવ દિવસ દરમિયાન યોજાનાર વિવિધ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે મેયર, મહેન્દ્રસિંહ રાણા, કોર્પોરેટર આશિષકુમાર દવે, મનુભાઈ પટેલ, રમીલાબેન પરમાર, બ્રહ્માકુમારીના કૈલાશદીદી, ગૃહ રાજ્ય મંત્રી રજનીભાઈ પટેલ, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, શંભુજી ઠાકોર, શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશભાઈ પટેલ, ડૉ. હિમાંશુ પટેલ, પ્રવિણભાઈ પટેલ, ચીમનભાઈ વિંઝુડા સહિત ગુજરાતી ફિલ્મોના ખલનાયક ફિરોઝ ઈરાની તેમજ ભાજપ શહેર પ્રમુખ નિતિનભાઈ પટેલ, સંજય પટેલ, કંદપભાઈ પટેલ હાજર રહેશે. મુખ્ય મહેમાન અલગ અલગ દિવસે ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ સ્નેહલ વાણીયા, ઉપપ્રમુખ, ગૌરવ રાણવા, અશોક પારકર, મહામંત્રી વિક્રમ દેસાઈ, મેહુલસિંહ ઝાલા મંત્રી ચિરાગ પ્રિયદર્શી જયરાજસિંહ વાઘેલા સહિત કાર્યકર્તાઓએ ભારે જહેમત ઉઠાવી છે. તેમજ ગણેશ મહોત્સવમાં સૌ નગરજનોને પધારવા હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

# વાવોલમાં સ્વામી વિવેકાનંદ બજારનું લોકાર્પણ કરાયું

### ટી.પી.૧૯માં પણ પારિજાત વાટીકાનું લોકાર્પણ કરાયું



ગાંધીનગર, તા. ૭

વાવોલ ખાતે ગુડા નિર્મિત સ્વામી વિવેકાનંદ બજારનું આજે શહેરી વિકાસ મંત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ગુડા દ્વારા આ સ્થળે ૨૮ દુકાનો બાંધવામાં આવી છે. વ્યાજબી ભાડાથી ફળવાયેલી દુકાનથી વેપારીઓ આજીવિકા મેળવી પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવી આનંદીબેને સ્વચ્છતા જાળવવા પણ અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત ટી.પી.-૧૯ રાયસણ ખાતે પારિજાત વાટીકાનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા વાવોલમાં ૨૮ દુકાનોનું નિર્માણ કરી સ્વામી વિવેકાનંદ બજાર ખુલ્લુ મુકવામાં આવ્યું છે. સ્વામી વિવેકાનંદ બજારના લોકાર્પણ પ્રસંગે આજે શહેરી વિકાસમંત્રી આનંદીબેન પટેલે વિવેકાનંદજીની પ્રતિમાનું અનાવરણ કર્યુ હતુ. આ તબક્કે તેમણે જણાવ્યું હતું કે વેપારીઓએ મોટુ મુડી રોકાણ ન કરવું પડે તે માટે વ્યાજબી ભાડાથી એક જ સ્થળે ૨૮ દુકાનો ફાળવવામાં આવી છે. જેના આધારે એક જ સ્થળેથી રહીશોને તમામ ચીજવસ્તુઓની ઉપલબ્ધિ થશે. દુકાનોના લોકાર્પણ પ્રસંગે ગુડાના ચેરમેન અશોક ભાવસાર, મુખ્ય કારોબારી અધ્યક્ષ ડી. તારા, અધિક કલેક્ટર ડી.બી. મહેતા, કાર્યપાલક ઈજનેર આર.એ. જેઠવા, વહીવટી અધિકારી ડી.એન. બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ટી.પી.-૧૯ રાયસણ સ્થિત નવનિર્મિત પારિજાત વાટીકાનું પણ આજે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

# સપ્ટેમ્બરના અંતમાં જિલ્લાકક્ષાની રાસ-ગરબા સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૭

નવરાત્રિ પર્વને અનુલક્ષીને સપ્ટેમ્બર મહીનાના અંતમાં જિલ્લાકક્ષાની રાસ-ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે ઓક્ટોબર મહીનાના પ્રારંભમાં રાજ્યકક્ષાની સ્પર્ધા યોજાશે. આ પૂર્વે આગામી તા. ૧૨ થી ૨૧ સપ્ટેમ્બર દરમિયાન તાલુકા કક્ષાની રાસ ગરબા સ્પર્ધા યોજવામાં આવશે.

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના કમિશ્નર રાકેશ માંજુમે આ અંગે જણાવ્યા અનુસાર વિભાગ દ્વારા નવરાત્રિ પર્વને અનુલક્ષી રાસ-ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. સપ્ટેમ્બર અને ઓક્ટોબર મહીના દરમિયાન તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાની સ્પર્ધા યોજવામાં આવશે. ચાલુ વર્ષે પ્રથમવાર તાલુકાકક્ષાએ પણ રાસ-ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના તમામ તાલુકામાં તા. ૧૨ થી ૨૧ સપ્ટેમ્બર દરમિયાન તાલુકાકક્ષાની રાસ-ગરબા સ્પર્ધા યોજવામાં આવશે. જ્યારે તાલુકાકક્ષામાં વિજેતા થયેલ કલાવૃંદો જિલ્લાકક્ષાની સ્પર્ધાઓમાં ભાગ લઈ શકશે. તા. ૨૨ થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન જિલ્લાકક્ષાની સ્પર્ધા યોજાશે. જ્યારે તા. ૫ થી ૧૩ ઓક્ટોબર દરમિયાન અમદાવાદ સ્થિત જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે રાજ્યકક્ષાની રાસ-ગરબા સ્પર્ધા યોજવામાં આવશે. આ સ્પર્ધામાં તાલુકા કક્ષાના વધુ કલાવૃંદો ભાગ લે તેવા આશય સાથે તાલુકા જિલ્લા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે વધુ માહિતી મેળવવા માટે જિલ્લા રમતગમત અધિકારીનો સંપર્ક કરવા પણ જણાવાયું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૭
સૂર્યાસ્ત : ૬.૫૦

## તાપમાન

મહત્તમ : ૩૨.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૯૬ ટકા ● સાંજે ૭૨ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
શુદ્ધ દેશી રોમાન્સ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
શુદ્ધ દેશી રોમાન્સ : ૯.૦૦, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૪૫

: સ્ક્રીન-૩ :
જંજીર: ૯.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫,
સત્યાગ્રહ : ૯.૩૦

: સ્ક્રીન-૪ :
જંજીર : ૧૦.૩૦, ૭.૩૦, ૧૦.૧૫
સત્યાગ્રહ ૧.૧૫, ૪.૧૫

### સૂર્યા, વાવોલ

જંજીર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વોન્ટેડ ચાઈલ્ડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
જંજીર : ૧૦.૦૦, ૧૨.૪૫, ૮.૩૦, ૧૦.૪૫
રિદ્દીસ્ક : ૩.૪૫
શુદ્ધ દેશી રોમાન્સ : ૬.૦૦

: સ્ક્રીન-૨ :
શુદ્ધ દેશી રોમાન્સ : ૧૦.૧૫, ૮.૧૫, ૧૦.૩૦
રિદ્દીસ્ક : ૧૨.૩૦
જંજીર : ૩.૦૦, ૫.૪૫

: સ્ક્રીન-૩ :
રિદ્દીસ્ક : ૯.૩૦, ૧૧.૦૦
શુદ્ધ દેશી રોમાન્સ : ૧૨.૦૦, ૨.૩૦
સત્યાગ્રહ : ૫.૦૦, ૮.૦૦

### ચિરાગ, કલોલ

જંજીર :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- મીનાબેન વિજયભાઈ પવારના નિવાસ સ્થાન ૫૩૦/૨, રીંગરોડ, કિસાનનગર, સેકટર-૨૬ ખાતે ભજનનો કાર્યક્રમ રાત્રે ૮.૦૦ કલાકે

## આપની આજ

**મેષ** : વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. કુટુંબના સભ્યો સાથે કલહ ઉભો ન થયા તેની તકેદારી રાખવી.

**વૃષભ** : વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થવાની સંભાવના છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નોકરી, વ્યાપાર, પ્રસન્નતા અને આશાજનક વાતાવરણને કારણે પ્રયાસ સાર્થક થશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે.

**મિથુન** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. કુટુંબીજનો સાથે સામજસ્ય બન્યું રહેવાની સંભાવના છે.

**કર્ક** : તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થશે. સ્થાયી સંપતિની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના છે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે.

**સિંહ** : ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : વાહન ખરીદવાની સંભાવના છે. પ્રયત્નોમાં સફળતા મળશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થવાની સંભાવના છે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે. વધુ પ્રયત્ન કરવો પડશે.

**તુલા** : આપનો પ્રભાવ વધાવાથી શત્રુ પરાસ્ત થશે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થવાની સંભાવના છે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું. આપનામાં આંતરીક પ્રભાવ વધવાથી શત્રુને પરાસ્ત કરી શકશો. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે.

**વૃશ્ચિક** : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના. અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે.

**ધન** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ.ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે.

**મકર** : સ્થાયી મિલકતની ખરીદી થઈ શકે છે. મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે.

**કુંભ** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. શાસનથી વિશેષ લાભ પ્રાપ્ત થઈ શકે છે.

**મીન** : નાણાંકીય ક્ષેત્રે સમસ્યાઓ સંભવિ શકે છે. વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસનો યોગ બને છે. કલાક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ પ્રાપ્તિનો યોગ. ધાર્મિક ક્ષેત્રે આસ્થા વધશે.

## ચિરવિદાય

- સ્વ. ગાભાજી મંગાજી ઠાકોર (ઉ.વ. ૫૭)મુ.પો. ચિલોડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. નીલાબેન પોપટજી ઠાકોર (ઉ.વ. ૪૭)મુ.પો. તારાપુર, તા., જિ. ગાંધીનગર.